



# ભરૂચ-વાલિયામાં મેઘરાજાની જમાવટ

**ભરૂચ** જિલ્લામાં રેડ એલર્ટ વચ્ચે મેઘાની તોફાની ઇનિંગ

**આમલા** ખાડી ઓવરફ્લો: અંકલેશ્વર-હાંસોટ રોડ બંધ

ભરૂચ, અંકલેશ્વર: છેલ્લા ત્રણ દિવસથી ભરૂચ જિલ્લામાં રેડ એલર્ટના પગલે મુશળધાર વરસાદ પડી રહ્યો છે. રેડ એલર્ટના કારણે જિલ્લામાં સાર્વત્રિક વરસાદ પડતાં ધરતીપુત્રો હરખમાં આવી ગયા છે.

રવિવારે સાંજે 6 વાગ્યાથી સોમવારે સાંજે 6 વાગ્યા સુધીમાં ભરૂચ જિલ્લાના નવ તાલુકા પૈકી સૌથી વધુ ભરૂચ અને વાલિયામાં 98-98 મીમી, અંકલેશ્વરમાં 81 મીમી, હાંસોટમાં 80 મીમી, વાગરામાં 75 મીમી, ઝઘડિયામાં 38 મીમી, આમોદમાં 22 મીમી, જંબુસરમાં 15 મીમી અને નેત્રંગમાં 11 મીમી વરસાદ નોંધાયો હતો. 24 કલાકમાં સૌથી વધુ ભરૂચ તાલુકા સહિત વાલિયામાં ચાર ઈંચ મેઘમહેર થઈ છે. જ્યારે અંકલેશ્વર અને હાંસોટમાં સવા ત્રણ ઈંચ, વાગરામાં ત્રણ ઈંચ અને ઝઘડિયામાં દોઢ ઈંચ વરસાદ ખાબક્યો છે. ભરૂચ જિલ્લાની સાતપુડાની પર્વતમાળાના ત્રણેય ડેમ 100 ટકા પાણીથી ભરાઈ ગયા છે. પીંગોટ ડેમની પાણીની સપાટી 139.94 મીટર છે અને ડેમ 100 ટકા ભરાઈ જતાં 0.24 સેન્ટીમીટર પાણી ઓવરફ્લો થઈ રહ્યું છે. બલદેવા ડેમમાં 141.50 મીટર પાણીની સપાટી સાથે સંપૂર્ણ 100 ટકા ભરાઈ ગયો છે, જ્યારે ધોલી ડેમમાં 136.10 મીટર પાણીની સપાટી હોવાથી 0.10 સેન્ટીમીટર પાણી વહી રહ્યું છે.

અંકલેશ્વરમાં સતત વરસી રહેલા વરસાદના પગલે કડકિયા કોલેજ પાસે આમલા ખાડી પર બનાવવામાં આવેલા ડાયવર્ઝન પર પાણી ભરાતાં માર્ગને વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે. અંકલેશ્વર-હાંસોટ રોડ પર આવેલી આમલા ખાડી ઓવરફ્લો થતાં ડાયવર્ઝન પર પાણી ફરી વળ્યું છે, જેથી સુરક્ષાના ભાગરૂપે આ માર્ગ બંધ કરાયો છે. હાલ જૂના બ્રિજ પરથી માત્ર નાનાં વાહનો પસાર થઈ રહ્યા છે. આમલા ખાડી પાસે પોલીસની ટીમ તૈનાત કરી દેવાઈ છે અને એશિયાડ નગર પાસે બેરિકેટ મૂકવામાં આવ્યા છે. મોટા વાહનચાલકોને અંકલેશ્વરથી હાંસોટ તરફ જવા કે ત્યાંથી આવવા માટે વૈકલ્પિક માર્ગ તરીકે આંબોલી-બોરીદ્રા થઈ પુનગામ તરફના માર્ગનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે. જોકે, માર્ગ બંધ થતાં સ્થાનિક રહીશો, રાહદારીઓ અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો અને મહામુસીબતે વાહન પસાર કરવા મજબૂર બન્યા હતા.

## વાલોડ અને વ્યારામાં હળવાં ઝાપટાં

વ્યારા: તાપી જિલ્લામાં શનિવારે રાત્રિ દરમિયાન વરસેલા ધોધમાર વરસાદ બાદ ગતરોજ સવારે ૬થી સાંજના ૬ વાગ્યા સુધીમાં મેઘરાજા ધીમા પડતાં માત્ર હળવા ઝાપટાં પડ્યાં હતાં. જિલ્લા ફ્લડ કંટ્રોલ રૂમના આંકડા મુજબ સૌથી વધુ વરસાદ વાલોડમાં ૨૨ મીમી અને વ્યારા તાલુકામાં ૨૦ મીમી નોંધાયો છે. આ સિવાય ડોલવણમાં ૧૪ મીમી, સોનગઢમાં ૨ મીમી, જ્યારે ઉકાઈ, નિઝર અને કુકરમુંડામાં માત્ર ૧-૧ મીમી વરસાદ નોંધાયો હતો, જ્યારે ઉચ્છલ તાલુકો સંપૂર્ણ કોરોકટ રહ્યો હતો.

## ભરૂચ જિલ્લામાં ક્યાં કેટલા ઇંચ વરસાદ

| | |
|---|---|
| ભરૂચ | 3.86 |
| વાલિયા | 3.86 |
| અંકલેશ્વર | 3.19 |
| હાંસોટ | 3.15 |
| વાગરા | 2.95 |
| ઝઘડિયા | 1.50 |
| આમોદ | 0.87 |
| જંબુસર | 0.59 |
| નેત્રંગ | 0.43 |

## કસકમાં કાંસનું ધોવાણ થતાં પાર્કિંગ ધસી પડ્યું



ભરૂચ: ભાદરવા મહિનામાં મેઘરાજાએ મહેર કરતાં ભરૂચમાં કેટલાંક ઠેકાણે અસરો જોવા મળી રહી છે. કસક વિસ્તારમાં આવેલી વરસાદી કાંસનું ધોવાણ થતાં નજીક આંગન એપાર્ટમેન્ટના પાર્કિંગની દીવાલ અને જમીનનો મોટો હિસ્સો અચાનક ધસી પડ્યો હતો. આ કારણે પાર્કિંગમાં ઊભેલી 7થી 8 જેટલી કાર ઉપર પાર્કિંગ સેડ ધસી પડ્યો હતો. આ ઘટનાને પગલે એપાર્ટમેન્ટના રહીશોમાં ભારે દોડધામ થઈ ગઈ હતી. રહીશોએ માંગ કરી હતી કે, વરસાદી કાંસનું કાયમી ધોરણે મજબૂતીકરણ કરવામાં આવે અને જરૂરી રિપેરિંગ કરવામાં આવે. જેથી ભવિષ્યમાં આવી ઘટના ન બને. આ સિવાય નુકસાનગ્રસ્ત વાહનોના માલિકોને થયેલા ભારે નુકસાન અંગે યોગ્ય વળતર ચૂકવવાની પણ માંગ કરવામાં આવી છે.

## ભરૂચમાં રેડ એલર્ટ વચ્ચે પોલીસની માનવતા



ભરૂચ: ભરૂચ જિલ્લામાં રેડ એલર્ટ વચ્ચે ભારે મેઘખાંગાને કારણે ઝીરો વિઝિબિલિટી સાથે અનેક ઠેકાણે જનજીવન પર ભારે અસર થઈ રહી છે. આવા સંજોગોમાં ઝાડેશ્વર વિસ્તારમાં આવેલી નર્મદા કોલેજમાં પરીક્ષા આપવા જઈ રહેલી કેટલીક વિદ્યાર્થિનીઓ કસક વિસ્તારમાં વરસાદી પાણીમાં ફસાઈ જતાં કફોડી હાલત સર્જાઈ હતી. જોકે, મુશ્કેલીના સમયે પોલીસ ટીમ મદદે આવી હતી. ભરૂચ સી-ડિવિઝન પોલીસના PI એન.આર.ચૌધરીને આ ઘટનાની ભનક થતાં તેમણે તાત્કાલિક કાર્યવાહી કરી હતી. પોલીસ વાહનમાં વિદ્યાર્થિનીઓને બેસાડીને તેમને સુરક્ષિત રીતે અને સમયસર નર્મદા કોલેજ ખાતે પહોંચાડવામાં આવી હતી.

# બારડોલીમાં ૧૫૦થી વધુ પંડાલોમાં શ્રીજીની સ્થાપના



બારડોલી: બારડોલી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ઢોલ-નગારાં અને ડીજેના તાલે ગણપતિ બાપ્પા મોરયાના ગગનભેદી નારા સાથે ગણેશોત્સવનો ભવ્ય પ્રારંભ થયો છે. કડોદ, મઢી, વાંકાનેર અને સરભોણ સહિતના પંથકમાં ભક્તોમાં ઉત્સવનો અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. પોલીસ ચોપડે ૯૦ જેટલી મૂર્તિની નોંધણી થઈ ચૂકી છે અને આ આંકડો ૧૫૦ને પાર થવાની પૂરી શક્યતા છે. પંડાલોમાં અવનવા ડેકોરેશન ભક્તોમાં આકર્ષણ જમાવી રહ્યા છે, જ્યારે વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા ટ્રાફિક નિયમન અને ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ઉત્સવના ઉમંગ વચ્ચે આયોજકોમાં એક મુદ્દે ભારે નારાજગી પણ જોવા મળી રહી છે. વહીવટી તંત્રએ વિસર્જન યાત્રાના પરંપરાગત રૂટમાં ફેરફાર કરી જલારામ ચોકથી સરદાર ચોક માર્ગ પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

તેના બદલે મુદિત પેલેસ સર્કલથી શિવાજી ચોક થઈ ધામડોદ રોડનો નવો રૂટ જાહેર કરાયો છે.

# તાપી જિલ્લામાં ૧૧૦૦થી વધુ ગણેશ પ્રતિમાની સ્થાપના કરાઈ

વ્યારા: તાપી જિલ્લામાં ગણેશ ચતુર્થીના પવિત્ર પર્વે ગતરોજ ખૂબ જ ઉત્સાહ, ભક્તિ અને આસ્થાના ત્રિવેણી સંગમ સાથે વિઘ્નહર્તા ગણેશજીનું ભવ્ય આગમન થયું છે. સમગ્ર તાપી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે અંદાજિત 705 જેટલાં વિવિધ જાહેર ગણેશ મંડળો તેમજ ઘરોમાં સ્થાપિત નાની-મોટી પ્રતિમાઓ મળીને ૧૧૦૦થી વધુ શ્રીજીની મૂર્તિઓની સ્થાપના હર્ષોલ્લાસભેર કરવામાં આવી છે. 'ગણપતિ બાપ્પા મોરિયા, મંગલમૂર્તિ મોરિયા' અને 'ઢોલ-નગારાના' ગગનભેદી નાદ સાથે વ્યારા, સોનગઢ, વાલોડ, ઉચ્છલ, નિઝર, ડોલવણ અને કુકરમુંડા સહિતના તમામ તાલુકાઓમાં દુંદાળા દેવને ભક્તિભાવપૂર્વક આવકારવામાં આવ્યા છે. વહેલી સવારથી જ ગણેશભક્તો અબીલ-ગુલાલની છોળો વચ્ચે વાજતે-ગાજતે બાપ્પાની મૂર્તિઓ પંડાલ અને પોતાના નિવાસસ્થાને લાવ્યા હતા, જ્યાં વૈદિક મંત્રોચ્ચાર અને વિધિ-વિધાન સાથે પ્રાણ પ્રતિષ્ઠા કરી આરતી ઉતારવામાં આવી હતી.

# વાંકાનેરમાં વરસાદી કહેર: મકાનની દીવાલ પડી જતાં વૃદ્ધાનું મોત



બારડોલી: બારડોલીના વાંકાનેર ગામમાં ભારે વરસાદના કારણે બાવળી ફળિયામાં મકાનની દીવાલ ધરાશાયી થતાં દબાઈ જવાથી એક વૃદ્ધાનું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર વાંકાનેરના બાવળી ફળિયા ખાતે રહેતાં ૭૦ વર્ષીય શાંતિબેન મંગુભાઈ હળપતિ તેમના ઘરમાં સૂતાં હતાં. દરમિયાન વરસાદના કારણે તેમના ઘરની દીવાલ અચાનક તૂટી પડતાં તેઓ કાટમાળ નીચે દબાઈ ગયાં હતાં. જેના પરિણામે તેમનું મોત નીપજ્યું હતું. આ ઘટના સવારે ૬:૩૦ કલાકે બની હોવાનું નોંધવામાં આવ્યું છે. દુર્ઘટના અંગે કરચકા ગામના વડ ફળિયામાં રહેતા ૩૨ વર્ષીય યોગેશભાઈ સાજનભાઈ હળપતિએ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

બારડોલી રૂરલ પોલીસે અકસ્માત મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે. વૃદ્ધાની લાશને પીએમ માટે સીએચસી બારડોલી ખાતે મોકલી આપવામાં આવી છે. હાલમાં બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનના અમલદાર એ.ડી.ચૌધરી અને તપાસ કરતાં અધિકારી એ.એસ.આઈ. જયદેવભાઈ રાણાભાઈ દ્વારા કાયદેસરની કાર્યવાહી ચાલી રહી છે. ભારે વરસાદના કારણે બનેલી આ ઘટનાથી સમગ્ર પંથકમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

# કડોદરામાં વધતી મોંઘવારી અને બેરોજગારી મુદ્દે કોંગ્રેસનાં ધરણા

**કોંગ્રેસી** કાર્યકર્તાઓએ હાથમાં પ્લે કાર્ડ રાખી સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યો

પલસાણા: ભાજપ સરકારના શાસનમાં સતત વધી રહેલી મોંઘવારી અને બેરોજગારીના વિરોધમાં સોમવારે કડોદરા ચાર રસ્તા ખાતે કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ મોટી સંખ્યામાં એકત્ર થયેલા કોંગ્રેસી કાર્યકર્તાઓ અને આગેવાનોએ હાથમાં પ્લેકાર્ડ રાખીને સરકાર વિરુદ્ધ ભારે સૂત્રોચ્ચાર કરી પોતાનો રોષ ઠાલવ્યો હતો.

આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના ઉપપ્રમુખ અને સાઉથ ઝોન પ્રભારી ડો.સંજુ દીક્ષિતે જણાવ્યું હતું કે, ૨૦૧૪માં સત્તા પર આવતા પહેલા સરકારે મોંઘવારી ઘટાડવાના જે વાયદા કર્યા હતા તે પોકળ સાબિત થયા છે. હાલ મોંઘવારી એટલી હદે વધી ગઈ છે કે સામાન્ય વર્ગ અને ખાસ કરીને મહિલાઓ માટે ઘર ચલાવવું અત્યંત મુશ્કેલ બની ગયું છે. રોજગારીનાં પૂરતાં સાધનોના અભાવે સામાન્ય પરિવારો પર આર્થિક બોજ અસહ્ય બન્યો છે.

આ વિરોધ પ્રદર્શનમાં સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ આનંદભાઈ ચૌધરી, પૂર્વ પ્રમુખ મનહરભાઈ પટેલ, કડોદરા નગર પ્રમુખ જીવણભાઈ વાદી, બારડોલી નગર પ્રમુખ કિરણભાઈ લાકડાવાલા તેમજ સુરત જિલ્લા મહિલા પ્રમુખ નીતુસિંગ રાજપૂત સહિતના આગેવાનો જોડાયા હતા. કોંગ્રેસના નેતાઓએ ચીમકી ઉચ્ચારી હતી કે જો સરકાર આ પ્રશ્નો હલ કરવામાં નિષ્ફળ રહેશે તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

## તાતીથૈયામાં અચાનક શ્વાસ ચઢતાં આધેડનું મોત

પલસાણા: તાતીથૈયા ગામ પાસે દિવ્યા કંપનીમાંથી નોકરી પૂરી કરી ઘરે પરત ફરી રહેલા ૫૪ વર્ષીય રાજેન્દ્રભાઈ લમણેનું અચાનક શ્વાસ ચઢતાં મોત નીપજ્યું હતું. મૂળ મહારાષ્ટ્ર અને હાલ તાતીથૈયાની વી.કે.હોમ્સ સોસાયટીમાં રહેતા રાજેન્દ્રભાઈની તબિયત બસ સ્ટેશન પાસે અચાનક તબિયત લથડી હતી. સુરતની સ્મીમેર હોસ્પિટલ ખસેડાયા હતા, પણ જીવ બચ્યો ન હતો.

## તાતીથૈયાની મિલમાં પતરાના શેડ પરથી પટકાતાં યુવાનનું મોત

પલસાણા: યુપીના આઝમગઢના વતની અને હાલ કડોદરાની શ્રીનિવાસ ગ્રીન સિટીમાં રહેતા ૪૧ વર્ષીય શ્રમિક સુભાષ ચૌહાણ તાતીથૈયા ગામે આવેલી વિનસ મિલના પતરાના શેડ પર આવેલા એક્ઝોસ્ટ ફેન પર વરસાદનું પાણી રોકવા પ્લાસ્ટિક બાંધી રહ્યા હતા. દરમિયાન અચાનક નીચે પટકાતાં સંજીવની હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તબીબે મૃત જાહેર કર્યા હતા.


Milano MULTIPLEX
બારડોલી
Haiwaan
10:00am, 12:00pm, 04:00pm, 09:00pm
Mirzapur : The Movie
11:00am, 02:00pm, 06:00pm, 10:00pm
Hanuman Ansh
03:00pm, 06:30pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


## સંક્ષિપ્ત સમાચાર

### મિક્સર મશીન અને બાઈક ચોરીના બે ગુના ઉકેલાયા



ઈલ્યાસ શેખ

પલસાણા: સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસે બાતમીના આધારે મહુવા મિયાપુર ચાર રસ્તા પાસે વોચ ગોઠવીને બે શંકાસ્પદ ઈસમ નીરલ જગુભાઈ પટેલ (રહે.,ગોપળા) અને જનક સુરેશભાઈ પટેલ (રહે.,દેદવાસણ) ને બોલેરો પિકઅપ ગાડી સાથે ઝડપી લીધા છે. કડક પૂછપરછ દરમિયાન આરોપીઓએ નવસારીના દંડેશ્વર ખાતે કન્સ્ટ્રક્શન સાઈટ પરથી કોંક્રીટ મિક્સર મશીન અને તાપીના આમીયાણા ગામ પાસેથી સ્પ્લેન્ડર પ્રો મોટરસાઇકલ ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે ચોરીનું મિક્સર મશીન, બાઈક, બોલેરો ગાડી અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.૨,૬૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કામગીરીથી નવસારી રૂરલ અને તાપીના ડોલવણ પોલીસ મથકના વણઉકેલ્યા ગુનાઓનો ભેદ ઉકેલાયો છે.

### તરસાડી-કોસંબામાં ગણેશોત્સવ અંતર્ગત શાંતિ સમિતિની બેઠક મળી



ઈબ્રાહીમ કાનુ

હથોડા : ગણેશ સ્થાપનાથી લઈને વિસર્જન સુધીના ઉત્સવને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવા કોસંબા ખાતે ડીવાયએસપી બી.કે.વનાર અને પી.આઈ. ઠુમ્મરના અધ્યક્ષ સ્થાને મિટિંગ યોજાઈ હતી. આ બેઠકમાં મોટી સંખ્યામાં ગણેશ ઉત્સવના આયોજકો અને જાગૃત નાગરિકો હાજર રહ્યા હતા. ડીવાયએસપી વનારે આયોજકોને તાકીદ કરી હતી કે પંડાલ વિસ્તારમાં સુરક્ષાના ભાગરૂપે સીસીટીવી કેમેરા લગાવવા અને રાત્રે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સાવચેતીરૂપે માણસોને પંડાલમાં રાખવા, સુરક્ષા માટે તમામ જરૂરી પગલાં ભરવા અને કોઈપણ શંકાસ્પદ કે અજુગતી ઘટના જણાય તો તુરંત જ પોલીસનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું હતું.

### વલવાડાની ધનગૌરી સાર્વજનિક વિદ્યાલયમાં મફત નેત્ર કેમ્પ યોજાયો



સલીમ દિવાન

ભોરિયા: શ્રી વલવાડા વિભાગ સાર્વજનિક કેળવણી મંડળ વલવાડા સંચાલિત ધનગૌરી સાર્વજનિક વિદ્યાલય વલવાડામાં શુભમ નેત્ર સેવા ટ્રસ્ટ સીતાપુર દ્વારા મફત નેત્ર કેમ્પનું આયોજન થયું હતું. આ નેત્ર કેમ્પ એલાયન્સ ક્લબ ઓફ સુરત સેવન સ્ટાર અને દુર્ગાબા પરિવાર (ગામ-ઉમરા, તા.ઓલપાડ)ના આર્થિક સહયોગથી યોજવામાં આવ્યો હતો. આ શિબિરમાં દુર્ગાબા પરિવારના શૈલેષભાઈ અને શીલાબેન તથા એલાયન્સ ક્લબ ઓફ સુરતના સભ્યો, સંચાલક મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, કારોબારી સભ્ય, ગામના સરપંચ, શાળાના આચાર્ય, શિક્ષકો તથા એન.એસ.એસ.ના સ્વયંસેવક વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ નેત્ર કેમ્પમાં કુલ 200 જેટલા દર્દીની આંખની તપાસ કરવામાં આવી હતી, જેમાં 40 મોતિયાના ઓપરેશનવાળા દર્દીઓને નિ:શુલ્ક ઓપરેશન કરી આપવામાં આવશે. 80 જેટલા દર્દીઓને ચશ્માનું મફત વિતરણ કરવામાં આવ્યું હતું.

### ઉભલદાના શહીદ જવાન ઋત્વિક ચૌધરીના પરિવારને સહાય




હિતેશ પટેલ

માંડવી: તાપી જિલ્લાના ઉભલદા ગામના વતની અને ભારતીય સેનાની ૫૭ રાઈફલ્સ રેજિમેન્ટના વીર જવાન ઋત્વિકકુમાર અશોકભાઈ ચૌધરી દેશની રક્ષા કાજે ફરજ દરમિયાન શહીદ થયા હતા. દેશની અખંડિતતા અને સરહદોની રક્ષા માટે સર્વોચ્ચ બલિદાન આપનાર આ વીર સપૂતને સમગ્ર સમાજ દ્વારા ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે. આ દુ:ખદ ઘડીમાં શહીદ જવાનના પરિવારની વેદના સમજીને માંડવી વિધાનસભાના ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ તેમની પડખે આવીને ઊભા રહ્યા છે. તેમણે પોતાના માસિક પગારમાંથી એક લાખની રોકડ સહાય શહીદના માતા-પિતાને રૂબરૂ અર્પણ કરી હતી. આ પ્રસંગે કેબિનેટ મંત્રી જીતુભાઇ વાઘાણી, પૂર્વ મંત્રી ગણપતિભાઈ વસાવા તથા કાર્યકરો હાજર રહ્યા હતા.


## વેચાણ અંગેની જાહેર નોટીસની જાહેર ચેતવણી

જત હમો નીચે સહી કરનાર એડવોકેટ મો.ઈમરાન એ.વાડીવાલા, રહેવાસી: વાડીવાલા શોપીંગ સેન્ટરની પાછળ, બારડોલી, તા.બારડોલી, જી.સુરતના તે હમારા અસીલ તરફથી ખાસ મળેલ સુચનાં અને ફરમાઈસ મુજબ આ જાહેર નોટીસથી જણાવવાનું કે, હમારા અસીલ ૧. હફસા અબ્દુહૈય અલીભાઈ, ૨. અહમદ યુસુફ અલીભાઈ રહેવાસી: યુ.કે ના તરફે આ નોટીસથી તમામ લાગતા વળગતા તથા સબ-રજીસ્ટાર ઓફીસ, સરકારી, અર્ધ-સરકારી ઓફીસો, બેંકો, સહકારી મંડળીઓ, વકીલો, જમીન દલાલો વિગેરે તમામને આ નોટીસથી જણાવવામાં આવે છે કે મોજે તરાજ, તા.પલસાણા, જી.સુરત ખાતે આવેલ ખાતા નં.૧૩૮ જેની બ્લોક નં. ૧૭૨ તથા ૧૭૮ જેનુ અનુક્રમે કુલ ક્ષેત્રફળ ૨-૧૫-૫૦ તથા ૪-૧૯-૪૦ વાળી ખેતીની જમીન બાબતે ગુજરાત મિત્ર દૈનિક પેપરમાં તા: ૦૯/૦૯/૨૦૨૬ નાં રોજ પાના નં.૩ પર એડવોકેટ હિતેક્ષા આર.લાડ તે ખરીદનારના એડવોકેટ તરીકેની આપવામાં આવેલ વેચાણ અંગેની જાહેર નોટીસ સદંતર ખોટી, પાઠાફેર અને ઉપજાવી કાઢેલ છે મારા અસીલોએ આવા કોઈ કહેવાતાઓ સાથે સદર જમીન વેચાણ અંગે કોઈપણ જાતની વાતાઘાટ કે કરાર કે એવા કોઈ કહેવાતા લખાણો કરેલા નથી કે કરવામાં આવેલ નથી. જેથી સદર વેચાણ અંગેની જાહેર નોટીસનો હમી અસીલ વતી સખત શબ્દોમાં વાંધો અને વિરોધ કરીએ છીએ. તેમજ તમોએ આપેલ નોટીસનો યોગ્ય ખુલાસો જાહેરમાં જણાવવુ તથા સદરહુ નોટીસ સત્તાવાર રીતે પરત ખેંચ્યા બાબતનો જાહેર ખુલાસો આ નોટીસ પ્રસિધ્ધ થયના દિન-૩ માં જાહેર કરવો જો આમ કરવામાં કશુર વાર થશો તો તમારી સામે કાયદાકીય પગલા લેવાની હમારા અસીલોને ફરજ પડશે. તેમજ નામદાર કોર્ટમાં ફોજદારી તથા દિવાની રાહે પગલા લેવામાં આવશે જેની સંપૂર્ણ જવાબદારી તમારી રહેશે જે આ નોટીસથી જાણ કરવામાં આવે છે.

વાડીવાલા શોપીંગ સેન્ટરની પાછળ, બારડોલી. તા.બારડોલી, જિ સુરત. મો. નં. ૭૬૨૩૦૧૨૩૦૪

હમારી મારફતે મો.ઈમરાન. એ. વાડીવાલા